NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

એડી.જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સુરત કોર્પોરેશન
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, શાળા નં–૧૩૧
સંઘાડીયાવાડ,ગોપીપુરા,સુરત–૩૯૫૦૦૧
ફોન/ફેક્સ : (૦૨૬૧) ૨૪૯૨૦૨૮
ઈ મેઈલ : adpcsmc@gmail.com


ક્રમાંક:સમગ્ર શિક્ષા /એસ એમ સી /એમ આઈ એસ / ૧૦,૧૨૦ - ૧૦,૧૨૪ /૨૦૨૩ — તા.૯ /૧૨/૨૦૨૩

પ્રતિ
આચાર્યશ્રી
પ્રાથમિક ,માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક ,ન પ્રા શિ સમિતિની શાળાઓ તમામ
સરકારી ,ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ.
સમગ્ર શિક્ષા,સુરત શહેર

વિષય: UDISE+2023-24 ની કામગીરી કરવા બાબત.

સંદર્ભ:- એસ પી ઓ કચેરીનો પત્રક્રમાંક:એસએસએ/MIS/2023/૫૭૧૪૮-૨૬૨ તા. ૦૫/૧૨/૨૦૨૩

સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બરની સ્થિતિએ રાજયની ધોરણ ૧ થી ૧૨ ધરાવતી તમામ શાળાઓની UDISE+ ફોર્મમાં માહિતી મેળવી એકત્રીકરણની કામગીરી કરવામાં આવે છે.

National Education Policy, 2020 અંતર્ગત ૨૦૩૦ સુધીમાં પ્રિ-શાળા(પૂર્વ પ્રાથમિક) થી માધ્યમિકનો ૧૦૦% Gross Enrolment Ratio કરવા સુધીનો ધ્યેય સિધ્ધ કરવા તેમજ શાળા છોડી ગયેલા ડ્રોપઆઉટ બાળકોને ઓળખીને તેઓને શિક્ષણ પ્રણાલીમાં પરત લાવવાનું છે.ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી UDISE+ અંતર્ગત **Profile & Facility, Teacher અને Student એમ ૩ (ત્રણ) Module**માં માહિતી મેળવેલ. જેમાં Student Moduleમાં પૂર્વ પ્રાથમિક થી ધોરણ ૧૨ સુધીના ધોરણ ધરાવતી તમામ શાળાઓના વિદ્યાર્થીઓના નામ સહિતની વિગતો એકત્રિત કરવામાં આવેલ.

**ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં શાળા દ્વારા Student Moduleમાં ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨- ૨૩ના વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં Promote કરવાના રહેશે જ્યારે પૂર્વ પ્રાથમિક (જુનીયર કે.જી. સિનીયર કે.જી. અને બાળ વાટિકા) તથા ધોરણ ૧માં નવો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી કરવાની રહેશે.**

સમગ્ર શિક્ષા યોજના અન્વયે જિલ્લા કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના શૈક્ષણિક આયોજન માટે તૈયાર કરવામાં આવતા વાર્ષિક અંદાજપત્રમા તથા શૈક્ષણિક નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ વિષયક નિર્ણયો લેવામાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ UDISE+ ની માહિતીને આધારભૂત ગણી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત RTE અધિનિયમ ૨૦૦૯ ની કલમ-૧૨(૧) (સી) હેઠળ નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં વિનામુલ્યે પ્રવેશ આપવાની પ્રક્રિયામાં, NMMS- National Means Cum Merit Scholarship Scheme Exam અન્વયે શાળા કક્ષાએ ઓનલાઈન ભણતા વિદ્યાર્થીઓના ફોર્મમાં શાળાનો UDISE કોડ ફરજીયાત છે તેમજ શિક્ષકોની ભરતી પ્રક્રિયામા શિક્ષકોના અનુભવનો આધાર તરીકે માત્ર UDISE +ના વર્ષવાર શિક્ષક રેકર્ડને જ આધારભૂત ગણવામાં આવે છે.

વધુમાં આપના જિલ્લાનો નામાંકન દર. ડ્રોપઆઉટનો દર, શાળાઓની માહિતી, નામાંકન અને શિક્ષકોની માહિતી UDISE+ માથી સરળતાથી મેળવી શકો છો. ઉપરાત Performance Grading Index (PGI) Ranking UDISE+ની

માહિતી પરથી કરવામાં આવે છે જેના પરથી સમગ્ર ભારતમાં શિક્ષણ ક્ષેત્રે રાજ્ય જિલ્લાનો ક્રમ નક્કી થાય છે. આમ UDISE+ DATAની અગત્યતાથી આપ વાકેફ છો.

શિક્ષણનો અધિકાર (RTE) અધિનિયમ ૦૦૯ ની કલમ-૧૨( ) તથા ગુજરાત રાઈટ ટુ એજ્યુકેશનલ રૂલ્સ ૨૦૧૨માં નિયમ-૧૩(૧)(જ)(ઝ) અને તે સાથેના પરિશિષ્ટ-૨ના નમુના -૨ની શરતોની શરત-૧૦ અને ૧૭ અનુસાર દરેક શાળાએ આ માહિતી આપવી ફરજીયાત છે. આ અંગે ઉપરોક્ત તમામ શાળાઓની નોંધણી UDISE+ અંતર્ગત થવી જરૂરી છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં તમામ શાળા UDISE+ની માહિતી આપે તે રીતનું આયોજન કરવા જણાવવામાં આવે છે જો કોઈ શાળા આ માહિતી આપવાની ના પાડે તો જે તે વિસ્તારના બી.આર.સી.કો.ઓ અને સી.આર.સી.કો.ઓ. ને રૂબરૂ મોકલી UDISE+ ફોર્મની અગત્યતા અને RTE અધિનિયમની સમજ અપાવવી, શાળા પાસેથી UDISE+ ની માહિતી મેળવવાની પ્રાથમિક જવાબદારી સી.આર.સી. કો.ઓ. અને બી.આર.સી.કો.ઓ. ની છે. તેમ છતાં પણ જે શાળા માહિતી ન આપે તો માન્યતા આપેલ અધિકારીશ્રીએ આવી શાળાની માન્યતા તાત્કાલિક રદ કરવા સુધીના શિક્ષાત્મક પગલા લેવા જણાવવામાં આવે છે.

**તાલુકા કક્ષાએ UDISE+ની કામગીરી અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.**

(૧) બ્લોક એમ.આઈ.એસ. કો./ડેટા એન્ટ્રી ઓપરેટર એ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં નવી નોંધણી થયેલ/કાર્યરત થયેલ શાળાઓના LOGIN ID Create કરવાના રહેશે.

(૨) તમામ શાળાઓને Student Moduleમાં ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨- ૨૩ના વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં Promote કરવા તેમજ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં પુર્વ પ્રાથમિક (જુનીયર કે.જી. સિનીયર કે.જી. અને બાળ વાટિકા) અને ધોરણ ૧માં નવો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી કરવાની રહેશે.

(૩) તમામ સરકારી, આશ્રમ શાળા, સરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ), ખાનગી શાળા (બિન અનુદાનિત), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય, રેલ્વે શાળા, સૈનિક શાળા તેમજ અન્ય કેન્દ્ર સરકાર સંચાલિત શાળાઓની શાળા કક્ષાએથી UDISE+ Profile & Facility, Teacher અને Student એમ 3(ત્રણ) Module માં એન્ટ્રી કરાવવાની રહેશે.

(૪) સી.આર.સી. કો. ઓર્ડિનેટરએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી, આશ્રમ શાળા, મોડલ સ્કુલ, મોડલ ડે સ્કૂલ, RMSA શાળા, ગ્રાન્ટેડ (અનુદાનિત) અને ખાનગી (બિન અનુદાનિત), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય, રેલ્વે શાળા, સૈનિક શાળા તેમજ અન્ય કેન્દ્ર સરકાર સંચાલિત શાળાઓમા રૂબરુ ઉપસ્થિત રહીને શાળાના આચાર્ય તથા અન્ય જવાબદાર સ્ટાફને શાળા કક્ષાએ LOGIN કરી UDISE+ ફોર્મ કઈ રીતે ભરવું તેની સંપૂર્ણ સમજણ આપવાની રહેશે

(૫) સી.આર.સી.કો.ઓર્ડિનેટરએ રાજ્ય કચેરી દ્વારા નક્કી કરવામાં આવેલ સમય મર્યાદામાં શાળાએ UDISE+ ફોર્મની તમામ માહિની ઓનલાઈન એન્ટ્રી પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. તેમજ શાળાએ ઓનલાઈન એપ્લીકેશનમાં ભરેલ UDISE+DCF Formની હાર્ડ કોપીમાં શાળાએ ભરેલ વિગતોની ખરાઈ શાળાના આચાર્ય, શિક્ષક તથા એસ.એમ.સી.ના અધ્યક્ષ/સભ્યની હાજરીમાં સ્થળ પર જ કરવાની રહેશે. જો કોઈ ક્ષતિ જણાય તો તુરંત આચાર્યશ્રીનું ધ્યાન દોરી તેમાં સુધારો કરવાનો રહેશે. ત્યારબાદ જ શાળાએ ભરેલ UDISE+ DCF Form આચાર્યના સહી-સિક્કા સાથે જમા લેવાનું રહેશે. તેમ છતા જો ભરેલ માહિતીમાં કોઈ ક્ષતિ જણાશે તો તેની તમામ જવાબદારી સી.આર.સી.કો ઓર્ડિનેટરની રહેશે.

(૬) ભરાયેલ ફોર્મ સી.આર.સી.કક્ષાએથી તાલુકા કક્ષાએ પરત લેતાં પહેલા યુ.આર.સી.કો.ઓ એ તમામ સી.આર.સી.કો.ઓ. પાસેથી તેમના તાબા હેઠળની તમામ શાળાઓના UDISE+ ફોર્મ ૧૦૦% ચકાસેલ છે તેવું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૭) તમામ યુ.આર.સી.કો.ઓ.એ તેમના તાલુકાની તમામ શાળાઓ પૈકીના ૧૫% ફોર્મ જાતે તપાસવાનાં રહેશે, જો કોઈ ક્ષતિ જણાય તો સી.આર.સી.કો.ઓ. નું ધ્યાન દોરી તે ક્ષતિ દૂર કરાવવાની રહેશે.

(૮) **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાની તમામ શાળાના UDISE+ ફોર્મની જિલ્લા શિક્ષાધિકારીશ્રીના તમામ સ્ટાફ, AEI અને EI દ્વારા ચકાસણી કરવાની રહેશે.**

(૯) જિલ્લાકક્ષાની સમગ્ર શિક્ષા કચેરીની દરેક શાખાના કો.ઓર્ડિનેટરે તેમની શાખાને લાગુ પડતી વિગતો ચકાસવાની રહેશે, જેમાં.

૧) જિલ્લા પ્રોજેકટ ઇજનેર તેમજ TRPએ સિવિલ અને ઈન્ફાસ્ટ્રક્ચરને લગતી તમામ વિગતોની ચકાસણી કરવાની રહેશે.

૨) જિલ્લા હિસાબી અધિકારીએ શાળાઓને મળતી વિવિધ ગ્રાન્ટ તથા ખર્ચની વિગતોની ચકાસણી કરવાની રહેશે.

૩) જિલ્લા ગર્લ્સ એજ્યુકેશન કો.ઓર્ડિનેટરએ કન્યાઓનું નામાંકન અને કન્યાઓને લગતી સેનીટેશનની સુવિધા, કે.જી.બી.વી.ને લગતી તમામ બાબતો ચકાસવાની રહેશે.

૪) જિલ્લા આઈઈડી કો. ઓર્ડિનેટરએ શાળામાં કેટેગરીવાર દિવ્યાંગ બાળકની ખરાઈ કરવાની રહશે જેમાં શાળાએ દર્શાવેલ દિવ્યાંગ બાળકો તેની સાચી કેટેગરી મુજબ છે કે નહિ તે ચકાસવાનું

૫) જિલ્લા ક્વોલીટી એજ્યુકેશન એન્ડ મોનીટરીંગ (ટીચર્સ ટ્રેનીંગ) કો.ઓ.બે બી.આર.સી./સી.આર.સી.કો.ઓ.ને મળતી તાલીમ તથા શાળા મુલાકાતની સંખ્યાની વિગતો, શાળાના શિક્ષકોને મળતી તાલીમ, શાળા સંકુલમા આવેલ આંગણવાડી તથા પ્રિ-પ્રાયમરી વિભાગ (જુનીયર કે.જી, સિનીયર કેજી અને બાળ વાટિકા) ની વિગતો તેમજ શાળાને મળેલ પાઠય પુસ્તકની માહિતીની ચકાસણી કરવાની રહેશે.

૬) જિલ્લા અલ્ટરનેટીવ સ્કૂલીંગ/એકસેસ કો.ઓએ શાળાના બાળકોને મળતી ટ્રાન્સપોર્ટેશન,નિવાસી શાળાની વિગત, શાળા બહારના બાળકોની વિગત, સરકારી તથા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કાર્યરત વોકેશનલ એજ્યુકેશનને લગતી તમામ વિગતો ચકાસવાની રહેશે.

૭) વર્ષ ૨૦૨૧-૨૨થી Performance Grading Index (PGI) Rankingને લગતી ૯૯% માહિતી UDISE+માં દર્શાવેલ ડેટા પરથી કરવામાં આવે છે. જેથી Performance Grading Index (PGI)માં આવરી લેવામાં આવેલ UDISE+ સૂચકાંકોની તમામ જિલ્લા કો ઓર્ડિનેટરએ વિગતો ચકાસવાની રહેશે

તમામ યુ આર સી /સી આર સી કો. સ્ટાફે સદર કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવી UDISE+ની માહિતીની અગત્યતા <u>સમગ્ર જિલ્લાની શાળાઓના **Profile & Facility, Teacher** અને **Student Module** ની ઓનલાઈન કામગીરી **31 December, 2023**</u> સુધીમાં પૂર્ણ કરવા જાણાવવામાં આવે છે.

એડિ. જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર
સમગ્ર શિક્ષા, સુરત મ્યુ. કોર્પોરેશન

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

**નકલ રવાના:**

- યુ આર સી/સી આર સી કો.ઓર્ડીનેટર તમામ ,સમગ્ર શિક્ષા,સુરત કોર્પોરેશન(તમામ શાળાને જાણ તથા કાર્યવાહી કરાવવા સારું)
- ઓ આઈ સી તમામ,સમગ્ર શિક્ષા,સુરત કોર્પો.
- AEI અને EI તમામ,જિલ્લા શિક્ષણાધીકારીશ્રી, જિલ્લા શિક્ષણાધીકારીશ્રીની કચેરી,સુરત(ગ્રાન્ટેડ અને ખાનગી શાળાને જાણ તથા કાર્યવાહી કરાવવા સારું)
- ડેટા એન્ટ્રી ઓપરેટર તમામ(મારફત યુ આર સી)